# દાદાની લાકડી બન્યા રોટ્રેક્ટ ક્લબના નવયુવાનો

ગાંધીનગર, તા. ૩૦

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આજે નગરના વયોવૃદ્ધ વડીલોના જીવનમાં હાસ્ય અને આનંદની લહેર કરાવવા ''સેકન્ડ ઈનિંગ'' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં નગર વડીલો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ કાર્યક્રમમાં ઉમંરલાયક વડીલોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે રોટ્રેક્ટ ક્લબના નવયુવાનોએ સવારથી ખડેપગે વડીલોની સેવા કરી હતી. વર્તમાન સમયમાં યુવાનો મોજ મસ્તી અને મોબાઈલ પાછળ સમય વિતાવે છે ત્યારે આ ક્લબના ૬૦ યુવાનોએ આજે વડીલો માટે રજીસ્ટ્રેશન બેઠક વ્યવસ્થાપન, જમણવાર, પાણી સહિતની અનેક પ્રવૃત્તિમાં મદદ કરી પારકી આશા સદા નિરાશાની પંક્તિને ખોટી ઠેરવી છે. યુવાનોએ કાર્યક્રમના પ્રારંભે વડીલોને ગુલાબ આપી આવકાર્યા હતા અને એક બાળકની જેમ આંગળી પકડી હોલની અંદર લઈ ગયા હતા. દરમિયાન વડીલોને પડતી તમામ મુશ્કેલીમાં સવારથી સાંજ સુધી સાથે રહી વૃદ્ધોની લાકડી બની સેવા કરી હતી.

## હરિની દ્રષ્ટિ...




આપણે ઘરે જલ્દી જઈએ... ફેસબુક - વોટ્સએપ બંધ છે એટલે મમ્મી-પપ્પા આપણી સાથે વાત કરશે જો જે...!!!



ભારત દેશ વિવિધતા અને તહેવારોનો દેશ છે. પોતાના આંગણે આવનારને પોતાનામાં સમાવી લે છે. એએફએસ (સ્ટુડન્ટ એક્સેંજ કાર્યક્રમ) અંતર્ગત ગાંધીનગરનાં મહેમાન બનેલા જાપાનના યુસ્તુકી થાઈલેન્ડના થીપ્સુકા અને ઈટલીથી આવેલ ફેદરીકાએ રક્ષાબંધનના પવિત્ર તહેવારને આનંદ અને ઉલ્લાસથી ઉજવ્યો હતો. ભાઈ બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક સ્વરૂપ રાખડી બાંધી બંધાવી આ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. આ ત્રણેય વિદેશી વિદ્યાર્થીઓ નગરની જાણીતી સંસ્થા કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ વિદ્યાલયમાં અભ્યાસ કરી રહ્યા છે. (તસવીર : કશ્યપ નીમાવત)

### સલામત કહેવાતા ગાંધીનગર જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૦૮ હત્યા...!

# છેલ્લા પાંચ વર્ષમાં ચાલુ વર્ષે સૌથી વધુ ૧૬૯ આપઘાત

**પાંચ વર્ષમાં ૧૬૭ લુંટ, ૯૧ છેડતી, ૨૩૬ અપહરણ, ૮૮ બળાત્કાર, ૭૨૪ આપઘાત, ૨૨ ધાડ અને ૨૦૧૫૨ ચોરીનાં બનાવો પોલીસ ચોપડે નોંધાયા**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયમાં સબ સલામતનાં બણગાં સરકાર ફુંકે છે ત્યારે પાટનગર ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષનો ક્રાઈમરેટ આ કહેવાતી સલામતીન વાતોનાં લીરેલીરાં ઉડાડી નાંખે તેવો છે. પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૧૦૮ હત્યા, ૨૦૫૨ ચોરીઓ અને ૧૬૭ લુંટ થવા પામી છે. જયારે છેલ્લા પાંચ વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫માં સૌથી વધુ ૧૬૯ આપઘાતના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

વિધાનસભામાં ચાલેલા ચોમાસુ સત્ર દરમિયાન અમરેલી ધારાસભ્ય પરેશ ધાનાણીએ ગૃહવિભાગ પાસેથી છેલ્લા પાંચ વર્ષમાં લુંટ, ધાડ, છેડતી, બળાત્કાર, આપઘાત, ચોરી, હત્યા અને અપહરણના ગુનાઓના આંકડા માંગતા ગુનાખોરીમાં પણ ગુજરાતે હરણફાળ ગતિએ વિકાસ કર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં ૭૨૪ આપઘાત જિલ્લામાં થયા છે જે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫માં સૌથી વધુ ૧૬૯ આપઘાત થયા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. તો બીજી તરફ પાંચ વર્ષમાં જિલ્લામાં ૧૬૭ લુંટ, ૯૧ છેડતી, ૨૩૬ અપહરણ, ૮૮ બળાત્કાર, ૧૦૮ હત્યાઓ ૨૨ ધાડ અને ૨૦૫૨ ચોરીઓ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૭૦ લુંટ, ૧૯ છેડતી, ૭૨ અપહરણ, ૧૯ બળાત્કાર, ૧૯ હત્યા, ૧ ધાડ ને ૩૭૫ ચોરીઓ થઈ હોવાનું બહાર આવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓને એક નાની ઓમ્ની વાન એમ્બ્યુલન્સ તરીકે વાપરવા માટે ભેટ મળી છે.

● ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કોઈ ઉદ્યોગગૃહને જમીન ફાળવવામાં આવી નથી.

● ગાંધીનગર રોટરી ક્લબે આજે ટાઉનહોલમાં સિનીયર સિટીઝનો માટે યોજેલા કાર્યક્રમમાં શીરો-પુરી-દાળ-ભાત-શાકના ભોજન પીરસાયા હતા.

● ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી બસ-સેવામાં હજુ પણ ઓછી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરી રહ્યા છે.

● ગાંધીનગર શહેર બહાર વિકસી રહેલ ગુડા વિસ્તારમાં નવા પીક-અપ સ્ટેન્ડ આપવા અને બનાવવા માટેની વિચારણા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાએ તેના કાઉન્સીલરોને વિકાસની ગ્રાન્ટ વાપરવા અંગેની નવી માર્ગદર્શિકા જારી કરી છે જેમાં પ્રા. શાળાઓની મરામત અને સુવિધાઓ પર ભાર મુકવા માટેનો આગ્રહ કરાયો છે.

# બીજી ઈનીંગમાં હિમાંશુ બુચ-રતિલાલ બોરીસાગરની ધમાકેદાર ફટકાબાજી

**ઘડપણ શરીરને આવે છે, મનને નહી : હિમાંશુ બુચ**

**હાસ્ય પ્રભુનુ વરદાન છે : રતિલાલ બોરીસાગર**

ગાંધીનગર, તા. ૩૦

રોટરી ક્લબના સેકન્ડ ઈનીંગ કાર્યક્રમના ભોજન બાદના સેશનની શરૂઆત હિમાંશુ બુચની ધમાકેદાર ફટકાબાજીથી થઈ હતી. વડીલોથી ખીચોખીચ ભરેલા હોલમાં ભરપેટ ભોજન કરી આવેલા તમામને તેમણે એક ઝોકુ તો શું બગાસુ પણ ખાવા દીધુ નહોતુ. કાર્યક્રમના સમાપનમાં જાણીતા હાસ્ય સાહિત્યકાર રતિલાલ બોરીસાગરે પણ તમામ વરિષ્ઠોને કાર્યક્રમના અંત સુધી બેસવા મજબૂર કર્યા હતા.

જેટલી વખત હસશો, તેટલી જીંદગી વધશે, લોકો ગુજરી જાય છે ત્યારે સગા તેમનો હસતો ફોટો શોધે છે પરંતુ એકે હસતો ફોટો પણ નથી હોતો. પ્રાર્થના એ છે કે જેમાં આપણે ઈશ્વર સાથે વાત કરીએ છીએ પરંતુ ધ્યાન એ છે કે જેમાં ઈશ્વર આપણી સાથે વાત કરે છે. આવી તો અનેક ચોટદાર વાતો સાથે હિમાંશુ બુચે તમામ શ્રોતાઓને હસાવવા સાથે મંત્રમુગ્ધ પણ કર્યા હતા. લાઓત્સે, કોન્ફિશિયસ, સ્વામી વિવેકાનંદ, ઓશો, ગૌતમ બુદ્ધ જેવા મહાપુરૂષોના ઉદાહરણો સાથે એક વાત સ્પષ્ટ કરી બતાવી હતી કે ઘડપણ શરીરને આવે છે, મનને નહી. રોજ નવી જીંદગી જીવવાની શિખ આપતા તેમણે પુસ્તકો સાથે દોસ્તી કરવા ભલામણ કરી હતી.



હાસ્ય પ્રભુનું વરદાન છે અને તમે જો એકવાર ખડખડાટ હસો તો ૪૫ મિનિટ સુધી શરીરના તમામ સ્નાયુઓ રીલેક્ષ રહે છે. આ શબ્દો છે વરિષ્ઠ હાસ્યલેખક રતિલાલ બોરીસાગરના હાસ્ય એ જ મોટોમાં મોટો હકારાત્મક ભાવ છે. માટે આપણે જ્યારે ખડખડાટ હસીએ ત્યારે ચિત્તમાં નકારાત્મક ભાવ આવવા શક્ય નથી કારણ કે તે સમયે ચિત્ત નિર્વિકાર હોય છે. હળવી શૈલીમાં હસાવતા સો ટચની ફિલોસોફિકલ વાતો કરતા રતિલાલ બોરીસાગરે જ્યોતિન્દ્ર દવેથી માંડીને તમામ સમકાલીન હાસ્ય લેખકોને પણ યાદ કર્યા હતા.

# રોટરી ક્લબે વડીલોને સાચા સેવા ભેખદારીઓ સાથે સાક્ષાત્કાર કરાવ્યો

**ભગવાન મને શ્રેષ્ઠ કામ કરવા બ્લેન્ક ચેક આપે છે : ડૉ. માનસેત્તા** | **માણસોની ૯૦ ટકા જિંદગી ફરિયાદોમાં જાય છે : જે.સી. પટેલ** | **ગાંધીનગરમાં રોટરીભવનનું નિર્માણ કરો : શરદ શાહ**

ગાંધીનગર, તા. ૩૦

બપોર પછીના સેશનમાં રોટરી ક્લબના પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શરદ શાહે નવતર શૈલીમાં કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ સેવા ભેખધારીઓની ઓળખ કરાવતા નિવૃતિ બાદના જીવનને સદ્કાર્યમાં ખર્ચી જીવનનો સંતોષ અને દિર્ઘાયુ મેળવી શકાય છે તેવુ ઉપસ્થિત તમામ વડીલોને સરળતાથી સમજાવી દીધુ હતુ. એટલુ જ નહિ પરંતુ રોષ જીવન સેવાકાર્યમાં વિતાવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે શરદ શાહે ગાંધીનગરમાં રોટરી ભવનના નિર્માણનું સ્વપ્ન વ્યક્ત કર્યું હતું.



આ કાર્યક્રમમાં મહેસાણાના પૂર્વ કલેક્ટર વડિયા સાહેબ, ગાંધીનગરના સેવા ભેખધારી દિપકભાઈ બુચ-મંજરીબેન બુચ, નિલેન્દુભાઈ, જે.સી. પટેલ અને સુરેન્દ્રનગરના ડૉ. માનસત્તા સાથે વાર્તાલાપની શૈલીમાં તેમના સેવાકાર્યોની માહિતી પ્રસ્તુત કરી હતી. સૌ પ્રથમ તેમણે પૂર્વ કલેક્ટર વાડિયા સાહેબને તેમની વાત કરવા આમંત્ર્યા હતા. હોદ્દા પરથી નિવૃત્ત થયા પછી બીજી થોડીક માનસિકતામાંથી પણ છુટીએ ત્યારે સાચા નિવૃત્ત થયા કહેવાઈએ જેવા ધારદાર પંચ સાથે વડિયા સાહેબે સરળ શૈલીમાં તેમની વાત કહી હતી. ખોવાયેલા બાળકોને તેમના મા-બાપ સાથે મિલાવવા, વૃદ્ધોને પ્રવાસ કરાવવો, જરૂરિયાતમંદ બાળકોને વસ્ત્રદાન, સ્કૂલ સ્ટેશનરીદાન ઉપરાંત જુવેનાઈલ હોમના બાળકોને કોચીંગ-શિક્ષણ આપવાની પ્રવૃત્તિઓ અંગે તેમણે વાત કરી હતી. ત્યારબાદ નગરના શિક્ષક દંપતિ દિપકભાઈ બુચ અને મંજરીબેન બુચ નિવૃત્તિ બાદ ''દાદા-દાદીની વિદ્યા પરબ''ના નામે પોતાના ઘરે ૨૦૦થી ૨૫૦ જરૂરિયાતમંદ બાળકોને મફત ભણાવે છે તે સેવાયજ્ઞની વાતે વડિલોને ગદ્ગદ્ કર્યા હતા.

૨૦૦૫ની સાલમાં રથયાત્રાના દિવસથી પ્રારંભ કરાયેલ આ સેવાયજ્ઞ કોઈપણ ટ્રસ્ટ કે સંસ્થા વિના પણ માત્ર માનવતાના ધોરણે અવિરત ચાલી રહ્યો છે.

સુરેન્દ્રનગરના આંખ-કાન-ગળાના સર્જન ડૉ. માનસત્તા રૂપિયા એક હજાર કરોડના ખર્ચે એવી હોસ્પિટલનું નિર્માણ કરી રહ્યા છે જેમાં ગરીબોને મફત સારવાર-દવા મળી શકે. હજુ હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ છે પરંતુ અત્યાર સુધીમાં તેઓ ૪૨૯૧૬ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપી ચૂક્યા છે, ૧૩૩૪ દર્દીઓના ડાયાલીસીસ, ૧૯૬૮૦ દર્દીઓના લેબોરેટરી ટેસ્ટ અને અસંખ્ય મહિલાઓની મીનીમમ સીઝેરીયન સાથે ડિલીવરી પણ વિનામૂલ્યે કરી આપી છે. પોતાની હોસ્પિટલને મંદિર, દર્દીને ભગવાન અને ડૉક્ટરને પુજારી માનતા ડૉ. માનસત્તા કહે છે કે તમે શ્રેષ્ઠ કામ

● અનુસંધાન પાના - ૭ પર

## આજે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની ઉત્તરવહીની ચકાસણી

ગાંધીનગર, તા. ૩૦

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર વિજ્ઞાન પ્રવાહ દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષાની ઉત્તરવહી અવલોકન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જે મુજબ જે વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરી છે તેવા વિદ્યાર્થીઓ માટે આવતીકાલથી ત્રણ સપ્ટેમ્બર સુધી ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા રાખવામાં આવેલ છે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર વિજ્ઞાન પ્રવાહ દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષા એપ્રિલ-૨૦૧૫માં લેવામાં આવી હતી જેનું પરિણામ મે-૨૦૧૫માં જાહેર કરાયું હતું. પરીક્ષાના પરિણામમાં અસંતોષ હોય તેવા રાજ્યના ચાર હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઉત્તરવહી અવલોકન માટે અરજી કરી હતી. જેમના માટે ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા આવતીકાલથી ત્રણ સપ્ટેમ્બર દરમિયાન રાખવામાં આવી છે. ઉત્તરવહી અવલોકન માટે અરજી કરનાર ઉમેદવારોને ઉત્તરવહી અવલોકન માટે હાજર રહેવા માટે તારીખ અને સમય દર્શાવતો કોલ લેટર ટપાલ મારફતે મોકલી આપવામાં આવ્યો છે. આ ઉપરોક્ત ઉમેદવારો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પોતાનો પરીક્ષા બેઠક નંબર એન્ટર કરીને ઓનલાઈન કોલ લેટર પણ મેળવી શકશે. દરેક ઉમેદવારોએ કોલ લેટરમાં દર્શાવેલ તારીખ અને સમયે ગાંધીનગર સ્થિત શિક્ષણ બોર્ડની કચેરી ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે. આ સમયે ઉમેદવારોએ પોતાનો કોલ લેટર સાથે રાખવો ફરજિયાત છે.

# શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય આજથી રાબેતા મુજબ

ગાંધીનગર, તા. ૩૦

પાટીદાર અનામત મહારેલી, ત્યારબાદની હિંસા અને છેલ્લે રક્ષાબંધનના તહેવારની રજાઓના પગલે છેલ્લા એક સપ્તાહથી શાળા-કોલેજોમાં રજા જેવો માહોલ જોવા મળ્યો હતો ત્યારે હવે આવતીકાલથી શાળા-કોલેજોમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરૂ થશે. આ પહેલા શુક્રવારના દિવસે શાળાઓ શરૂ રાખવાનો નિર્ણય કર્યો હતો. જો કે, તે પછીના દિવસે રક્ષાબંધન અને રવિવારની રજા આવતી હોવાથી શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળતા શૈક્ષણિક કાર્ય ઠપ રહ્યું હતું. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં યોજાયેલી પાટીદાર અનામત મહારેલીના સંદર્ભે વિદ્યાર્થીઓની સલામતી માટે મંગળવારે શૈક્ષણિક કાર્ય બંધ રાખવા માટે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી, જે બાદ રાજ્યમાં ફાટી નિકળેલ હિંસાને પગલે બુધવાર અને ગુરુવારના રોજ તમામ શાળાઓએ રજા જાહેર કરી હતી. જો કે, ગુરુવારે શહેરમાં શાંતિનો મામહોલ સર્જાતા સરકારે જિલ્લા શિક્ષણ અધિકારીઓને પરિસ્થિતિ જોઈ શાળાઓ ફરી ચાલુ રાખવા જાહેરાત કરી હતી જે બાદ શુક્રવારે મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી નોંધાઈ હતી. શનિવારે રક્ષાબંધનનું પર્વ અને ત્યારબાદ રવિવારની રજા હોઈ મોટાભાગના વિદ્યાર્થીઓ વેકેશનના જ મુડમાં હોવાથી અનેક વાલીઓએ પોતાના સંતાનોને આજે એક દિવસ મિનિ વેકેશનનો માહોલ મળી જાય તે માટે શાળાએ મોકલ્યા ન હતા.

આ ઉપરાંત તો ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ તો પોતાના વતન પણ જતાં રહ્યા હતા જેથી તેઓ પણ શાળાએ આવી શક્યા ન હતા જેના કારણે શાળા-કોલેજો ખુલવા છતાં શૈક્ષણિક કાર્ય થઈ શક્યું ન હતું. ત્યારે હવે આવતીકાલથી શાળા કોલેજોમાં એક સપ્તાહ જેટલા મિની વેકેશન બાદ ફરી શૈક્ષણિક કાર્ય શરૂ થશે. આ સાથે જ આવતીકાલથી સ્કૂલ વર્ધી રિક્ષા અને વાન ચાલકો પણ રાબેતા મુજબ પોતાની વર્ધી શરૂ કરશે. જેના કારણે વાલીઓએ પણ હાશકારો અનુભવ્યો છે. જેના પગલે હવે એક સપ્તાહથી સુના પડેલ શાળાઓના કેમ્પસ ફરી વિદ્યાર્તીઓના કોલાહલથી ગુંજી ઉઠશે.


મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

GPSC - Mains Exam
નવી બેચ તા. ૩/૯/૧૫ થી શરૂ
પેપર - 1,2,4,5 પેપર - 3
જાહેર વહીવટ
સ્પિપાનાં નિષ્ણાંત ફેક્લટી દ્વારા શિક્ષણ ડેમો લેક્ચર
તા. ૩,૪,૫ સમય:- સવારે ૮ થી ૧૦
રેવન્યુ તલાટી બેચમાં પ્રવેશ ચાલુ છે
Classmate ACADEMY
Hitesh Sir 98248 87985 (ઓફિસ સમય: ૧૦ થી ૭)
સે. ૩, ઘ-૧.૫ બસ સ્ટેન્ડની બાજુમાં, આંધ્રા બેન્કની પાસે, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ